[૨૦]

**પ્ર. ૧ (અ) સામાયિક–પ્રતિક્રમણના આધારે** **(૧૦)**

**(૧) પાઠ પૂર્તિ કરો.** **(૫)**

૧. સમાણે **દેવસિયં પડિક્કમણં ઠાએમિ દેવસિય જ્ઞાન** દર્શન

૨. પિત્તેસુ વા **પૂએસુ વા સોણિએસુ વા સુક્કેસુ વા સુક્ક પુગ્ગલ પરિસાડેસુ વા** વિગય

**(૨) નીચેના શબ્દોના મૂળ પાઠ લખી કયા પાઠમાં આવે છે? તે લખો.** **(૫)**

| | જવાબ | પાઠ |
|---|---|---|
| ૧. બતાવો | **દિસંતુ** | **સામાયિકના પાંચમા પાઠમાં** |
| ૨. આરાધવાના | **આરાહણાના** | **સંથારામાં** |
| ૩. જાણીને | **જાણી પ્રીછી** | **પહેલા વ્રતમાં** |
| ૪. શ્રદ્ધા કરું છું | **સદ્દહામિ** | **પાંચમા શ્રમણસૂત્રમાં** |
| ૫. ખાતર પાડી | **ખાતરખણી** | **ત્રીજા વ્રતમાં** |

**(આ) બીજા કર્મગ્રંથના આધારે જવાબ લખો.** **(૧૦)**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૫)**

૧. અનુદય અને ઉદય વિચ્છેદ એટલે શું? (૨×૨)

**જ. અનુદય–જે ગુણસ્થાન જે કર્મપ્રકૃતિનો ઉદય ન હોય પણ ત્યારપછીના જે ગુણસ્થાને તે કર્મપ્રકૃતિનો ઉદય હોય, તેની પૂર્વેના ગુણસ્થાનમાં તે પ્રકૃતિનો અનુદય કહેવાય. ઉદય વિચ્છેદ–જે ગુણસ્થાનથી આગળના કોઈપણ ગુણસ્થાને જે કર્મપ્રકૃતિનો ઉદય ન હોય, તો તે ગુણસ્થાને તે પ્રકૃતિનો ઉદય વિચ્છેદ કહેવાય છે.**

૨. સાતમે આહારક હોય કે નહિ? સાતમે આહારક હોય તો શા માટે અને ન હોય તો શા માટે?

**જ. સાતમે ગુણસ્થાને લબ્ધિ ન ફોરવે તેથી આહારક દ્વિક ન હોય. છટ્ઠે આહારક શરીર કરીને પછી ભાવ વિશુદ્ધિ થતા આહારકમાં સાતમું ગુણસ્થાન સ્પર્શી શકે ખરું એટલે સાતમે આહારકની ના કહી તે લબ્ધિ ફોરવવા આશ્રી સમજવી, પણ સ્પર્શના આશ્રી નહિ.**

૩. સાતમાથી ત્રણ પ્રકૃતિની ઉદીરણા શા માટે ન હોય? (૧)

**જ. સાતમાથી ત્રણ પ્રકૃતિની ઉદીરણાને યોગ્ય અધ્યવસાયો ન હોવાથી ઉદીરણા ન હોય.**

**(૨) નીચેની પ્રકૃતિનો ઉદય ક્યાં સુધી? ઉદય વિચ્છેદ ક્યારે?** **(૫)**

૧. સ્થાવર નામ ૨. અસ્થિર નામ ૩. મિશ્ર મોહનીય ૪. તિર્યંચાયુ ૫. ઉચ્ચ ગોત્ર

| **જ.** | **ઉદય** | **ઉદય વિચ્છેદ** |
|---|---|---|
| ૧. સ્થાવર નામ | **૨ જા ગુણસ્થાન સુધી** | **૨ જા ગુણસ્થાનના છેડે** |
| ૨. અસ્થિર નામ | **૧૩ મા ગુણસ્થાન સુધી** | **૧૩ મા ગુણસ્થાનના છેડે** |
| ૩. મિશ્ર મોહનીય | **૩ જા ગુણસ્થાને** | **૩ જા ગુણસ્થાનના છેડે** |
| ૪. તિર્યંચાયુ | **૫ મા ગુણસ્થાન સુધી** | **૫ મા ગુણસ્થાનના છેડે** |
| ૫. ઉચ્ચ ગોત્ર | **૧૪ મા ગુણ.ના ચરમ સમય સુધી** | **૧૪ મા ગુણ.ના ચરમ સમયના છેડે** |

[૫]

**પ્ર. ૨ આચારાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. સે ઉટ્ઠિયસ્સ ઠિયસ્સ ગઈ સમણુપાસહ। એત્થ વિ બાલભાવે અપ્પાણં નો ઉવદંસેજ્જા।। સમજાવો. (૩)

**જ. આ રીતે તમે સંયમમાં સમ્યગ્ પ્રવૃત્તિ કરનારા સાધકોની આરાધક ગતિ અને સંયમમાં પ્રગતિ ન કરનારા સાધકોની વિરાધક ગતિને પણ જુઓ. આ રીતે ચિંતન કરીને આ જિનશાસનને પ્રાપ્ત કરીને તમે બાલભાવમાં પોતાના આત્માને ક્યારેય જોડો નહિ.**

૨. શેનો ત્યાગ કરવો કઠીન છે? તેઓની દશા શું થાય છે? (૨)

**જ. શબ્દાદિ કામભોગોનો ત્યાગ કરવો કઠીન છે. તેઓ જન્મ–મરણના પ્રવાહમાં વહે છે. જન્મ–મરણના ચક્રમાં ફરતા તેઓ મોક્ષ અને મોક્ષના ઉપાયોથી દૂર રહે છે.**

(૧૦)

**પ્ર. ૩ ઠાણાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧.ધારણા વ્યવહાર એટલે શું? તે ક્યારે હોય?

**જ. ધારણા વ્યવહાર : કોઇ ગીતાર્થ સાધુ કે ગચ્છના ઉપકારી વડીલ સાધુ પાસેથી મહત્ત્વના પ્રાયશ્ચિત્ત પદોની ધારણા અનુસાર જે વ્યવહાર થાય તે. જ્યાં આજ્ઞા ન હોય ધારણા હોય ત્યાં ધારણા વ્યવહારની પ્રસ્થાપના કરવી.**

૨. દંડના કેટલા પ્રકાર છે? માત્ર નામ લખો.

**જ. દંડના પાંચ પ્રકાર છે. અર્થ દંડ, અનર્થ દંડ, હિંસા દંડ, અકસ્માત્ દંડ, દષ્ટિ વિપર્યાસ દંડ.**

૩. જીવના દુર્ગતિમાં જવાના કારણ લખો.

**જ. હિંસાથી, અસત્ય ભાષણથી, ચોરીથી, કુશીલ સેવનથી, પરિગ્રહથી.**

૪. અધોલોકમાં કયા મહાન નરકાવાસ છે?

**જ. અધોલોકમાં પાંચ અનુત્તર, મહાતિમહાન નરકાવાસા છે – ૧) કાલ ૨) મહાકાલ ૩) રૌરવ ૪) મહારૌરવ ૫) અપ્રતિષ્ઠાન.**

૫. દેવોનું કાર્ય કઈ સભામાં થાય છે? નરકગામી અને દેવગામી કોણ થાય? અનિશ્રિતોપાસિત એટલે શું?

**જ. દેવોનું કાર્ય વ્યવસાય સભામાં થાય છે. પગથી નિર્યાણ કરનારો (નીકળેલો) જીવ નરકગામી થાય. મસ્તકથી નીકળેલો જીવ દેવગામી થાય. અનિશ્રિતોપાસિત એટલે માધ્યસ્થ ભાવથી યથાક્રમે વ્યવહાર કરનારા શ્રમણ નિર્ગ્રંથો ભગવાનની આજ્ઞાના આરાધક થાય છે.**

(૧૦)

**પ્ર. ૪ જ્ઞાતાધર્મકથા સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. નંદીફળના વૃક્ષો નજીક આવતા ધન્ય સર્થવાહે શું ઘોષણા કરાવી?

**જ. નંદીફળ વૃક્ષની છાયામાં બેસવું અને તેના ફળો ખાવા તમને થોડીવાર માટે બહુ સુખદ લાગશે, પણ પછી તેનું પરિણમન થતાં મૃત્યુને પ્રાપ્ત કરશો, માટે તે વૃક્ષોથી દૂર રહેજો. અન્ય વૃક્ષોની છાયામાં વિસામો લેજો અને તેના ફળ–ફૂલ ખાજો.**

૨. ધન્ય સાર્થવાહે દીક્ષા લઈને શું કર્યું? તેનું ભવિષ્ય શું છે?

**જ. ધન્ય સાર્થવાહે દીક્ષા લઈને સામાયિકથી લઈને ૧૧ અંગોનું અધ્યયન કર્યું અને ઘણા વર્ષો સુધી સંયમનું પાલન કર્યું. અંત સમયે સંથારો કરી દેવલોકમાં ઉત્પન્ન થયા. તેનું ભવિષ્ય દેવલોકના આયુષ્યનો ક્ષય થતાં ત્યાંથી ચ્યવીને મહાવિદેહ ક્ષેત્રમાં મનુષ્ય જન્મ ધારણ કરીને સિદ્ધિ પ્રાપ્ત કરશે.**

૩. આ દુનિયામાં કોણ પૂજનીય નથી?

**જ. જે સાધુ–સાધ્વી પ્રવ્રજિત થઈને ૫ ઈન્દ્રિયોના વિષયોમાં આસક્ત થાય છે, તો તે પુરુષોની જેમ (નંદીફળમાં આસક્તિ રાખનારા પુરુષો) ચતુર્ગતિરૂપ સંસારમાં પરિભ્રમણ કરે છે, દુઃખ પ્રાપ્ત કરે છે તેમ જ આ જન્મમાં પણ પૂજનીય બનતા નથી.**

૪. ધન્ય સાર્થવાહે કેટલા પ્રકારનો અને કયો માલ ભરાવ્યો?

**જ. ધન્ય સાર્થવાહે ચાર પ્રકારનો માલ ભરાવ્યો. નારિયેળ, ગોળ, ધાન્ય, સોનું, રત્ન આદિ અનુક્રમે ગણિમ, ધરિમ, પેય અને પરિચ્છેદ્ય આ ચારે પ્રકારનો માલ પાત્રોમાં ભરી ગાડી–ગાડાઓમાં મૂકાવ્યો.**

૫. કોણ સંસારમાં જન્મ–મરણ કરે છે?

**જ. મોક્ષમાર્ગને અંગીકાર કરનારાઓ માટે ઈન્દ્રિયોના વિષયો વિષમય નંદીફળની સમાન છે. જેમ નંદીફળના ભક્ષણથી મરણ થાય છે, તેમ ઈન્દ્રિયોના વિષયોના સેવનથી સંસારમાં જન્મ–મરણ થાય છે.**

**અથવા**

**પ્ર. ૪ જ્ઞાતાધર્મકથા સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. ચિલાત છોકરાઓ સાથે શું કરતો હતો? (૩×૨)

**જ. ચિલાત કોઈની કોડીઓ, લખોટીઓ, રમકડાંઓ, ઢીંગલીઓ, માળાઓ, અલંકારો વગેરે રમતાં રમતાં અન્ય બાળકોની વસ્તુઓ ચોરી લેતો હતો. કોઈને મારતો હતો, કોઈને ગાળો બોલતો, કોઈને ઠગતો આદિ કાર્ય કરતો હતો. ત્યારે તે બાળકો રડતા, રાડો પાડતા, શોક કરતા પોતપોતાના માતા–પિતા પાસે ચિલાતની ફરિયાદો કરતા.**

૨. ચિલાતે બધા ચોરોને શું કહ્યું?

**જ. ચિલાતે બધા ચોરોને કહ્યું કે રાજગૃહી નગરીમાં ધનાઢ્ય એવા ધન્ય સાર્થવાહ રહે છે. આપણે તેમનું ઘર લૂંટવાનું છે. લૂંટમાં મળનાર વિપુલ ધન, કનક, રૂપું વગેરે તમે રાખજો અને તેમની સુંસુમા નામની પુત્રી મારી રહેશે.**

૩. ધન્ય સાર્થવાહે મોટા પુત્રને શું કહ્યું? (૨×૨)

**જ. પાણી વિના આપણે હવે રાજગૃહી નગરી પહોંચી શકીએ તેમ નથી, તેથી તમે મારો વધ કરી નાંખો, મારા માંસ અને રૂધિરનો આહાર કરો. તેના અવલંબન દ્વારા તમે આ અટવી પાર કરી રાજગૃહમાં પહોંચી જશો.**

૪. સાધુ–સાધ્વીએ શેના માટે આહાર છોડવાનો છે?

**જ. સાધુ ગુરુની આજ્ઞાથી આહાર કરે છે આસક્તિથી નહિ. શરીરના વર્ણ, બળ કે રૂપની વૃદ્ધિ માટે નહિ, પરંતુ સંસારને પાર કરવા અને મોક્ષ પ્રાપ્ત કરવાના ઉદ્દેશથી આહાર કરે છે.**

(૧૦)

**પ્ર. ૫ અંતગડ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. દ્વારિકા નગરીના વિનાશનું કારણ જાણી કૃષ્ણ વાસુદેવને શું વિચાર આવ્યો? (૪)

**જ. ધન્ય છે તે જાલિ, મયાલિ આદિ યદુકુમારોને જેઓએ સુવર્ણ, રજત, રાજ્ય, અંતઃપુર આદિ સર્વસ્વનો ત્યાગ કરી તથા પ્રચુર સોના–ચાંદી આદિ સારભૂત દ્રવ્યનો દેવા યોગ્ય ભાગ દાનમાં દઈ ભગવાન પાસે સંયમ અંગીકાર કર્યો છે. હું અધન્ય છું, અપુણ્ય છું. જેના કારણે રાજ્ય, અંતઃપુર અને માનવીય કામભોગોમાં ગૃદ્ધ, આસક્ત તેમ જ મૂર્ચ્છિત છું. હું પ્રભુની પાસે સંયમ સ્વીકારી શક્તો નથી.**

૨. ભગવાનનો ઉપદેશ સાંભળી પદ્માવતી રાણીને શું ઉત્પન્ન થયું? તેમણે ભગવાનને શું કહ્યું? (૩×૨)

**જ. ભગવાનનો ઉપદેશ સાંભળી પદ્માવતી રાણીને વૈરાગ્ય ઉત્પન્ન થયો. તેમણે ભગવાનને કહ્યું કે હે ભગવાન ! નિર્ગ્રંથ પ્રવચન પર હું શ્રદ્ધા કરું છું, આપ જે કહો છો તે જ યથાર્થ છે, સત્ય છે. હે ભગવાન ! હું કૃષ્ણ વાસુદેવની આજ્ઞા લઈ આપ સમીપે મુંડિત થઈ પ્રવ્રજિત થવા ઈચ્છું છું.**

૩. કૃષ્ણ વાસુદેવે કેવી ધર્મદલાલી કરી?

**જ. કૃષ્ણ વાસુદેવે દ્વારિકાના વિનાશની વાત સાંભળીને બીજાને પ્રવ્રજ્યા લેવાની પ્રેરણા કરે છે. દીક્ષિતોના પરિવાર, વ્યવહારની વ્યવસ્થા કરવાનું વચન આપે છે તેમ જ પોતાના પુત્ર, પુત્રી, પૌત્ર, પટરાણીઓને સંયમની સહર્ષ અનુમતિ પણ આપે છે. આમ તેઓની ધર્મદલાલી વિશિષ્ટ હતી.**

**અથવા**

**પ્ર. ૫ નિરિયાવલિકા સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. મધ્યરાત્રિએ સોમિલને શું વિચાર આવ્યો?

**જ. મધ્યરાત્રિએ સોમિલને વિચાર આવ્યો કે ગૃહસ્થ સંબંધી મેં સર્વ કાર્ય કરી લીધા છે, હવે મારા માટે યોગ્ય છે કે વારાણસી નગરીની બહાર આંબાના વૃક્ષો નીચે બગીચો બનાવું તથા બીજોરા, આમલી, ફૂલો વગેરેની વાડી બનાવું.**

૨. સોમિલે શું તપ કર્યું? કેટલા વર્ષો શ્રાવકપર્યાયનું પાલન કર્યું? સંથારો કર્યો કે નહિ? કેટલા દિવસનો?

**જ. સોમિલે ઘણા ઉપવાસ, છટ્ઠ, અટ્ઠમ યાવત્ અર્ધ માસક્ષમણ, માસક્ષમણ આદિથી પોતાના આત્માને ભાવિત કરતા ઘણા વર્ષો સુધી શ્રાવક પર્યાયનું પાલન કર્યું. અંતે અર્ધમાસિક (૩૦ ભક્ત) સંલેખના દ્વારા**

**આત્માની આરાધના કરી.**

૩. ભગવાન પધાર્યા છે તે જાણી સોમિલે શું કર્યું? તેણે શું સ્વીકાર્યું? મિથ્યાત્વને કેવી રીતે પ્રાપ્ત થયો?

**જ. ભગવાન પધાર્યા છે તે જાણી સોમિલને પણ પ્રભુ પાસે જઈ મનમાં મૂંઝવતા પ્રશ્નો પૂછવાનો વિચાર આવ્યો. તે ભગવાન પાસે ગયો. પ્રભુના યથોચિત્ત ઉત્તર સાંભળીને, બોધ પામી તેણે શ્રાવકધર્મ સ્વીકાર્યો. સોમિલ સત્સંગના અભાવે શ્રાવકધર્મથી ચ્યુત થઈ ગયો અને મિથ્યાત્વને પ્રાપ્ત થયો.**

૪. સોમિલના પૂર્વભવમાંથી શું બોધ લેવાનો છે? (ત્રણથી ચાર લાઈનમાં)

**જ. વ્રતભંગ અને તાપસી દીક્ષા સ્વીકાર કરવાથી, આલોચના-પ્રતિક્રમણ ન કરવાથી તે સોમિલ વિરાધક થઈ જ્યોતિષીમાં ઉત્પન્ન થયા. અહીં શ્રદ્ધાની મહત્તા બતાવી છે. આપણે પણ આ વાત પર વિચાર કરીને તેને આત્મસાત્ કરી આપણું જીવન તે પ્રમાણે બનાવવા પ્રયત્ન કરીએ તે જ આપણા માટે એકાંતે હિતકારક છે.**

(૧૫)

**પ્ર.૬ ઉત્તરાધ્યયન સૂત્રના આધારે જવાબ લખો.**

**(૧) નીચેની ગાથાઓ પૂર્ણ કરી ભાવાર્થ લખો.** **(૧૨)**

૧. ધમ્મં પિ **હુ સદ્દહંતયા, દુલ્લહયા કાએણ ફાસયા ।**
**ઈહ કામગુણેહિં મુચ્છિયા, સમયં ગોયમ !** મા પમાયએ ॥

**અર્થ : ધર્મ પર શ્રદ્ધા થયા પછી પણ સાચા ધર્મનો કાયાથી સ્પર્શ કરવો અર્થાત્ તે પ્રમાણે આચરણ કરવું ઘણું કઠીન છે કારણ ઘણા ધર્મશ્રદ્ધાળુ લોકો પણ સંસારના કામભોગોમાં કે ઈન્દ્રિયોના વિષયોમાં ફસાયેલા કે આસક્ત થયેલા દેખાય છે, તેથી હે ગૌતમ ! સમય માત્રનો પણ પ્રમાદ ન કર.**

૨. બુદ્ધે **પરિણિવ્વુડે ચરે, ગામગએ ણગરે વ સંજએ ।**
**સંતિમગ્ગં ચ વૂહએ, સમયં ગોયમ !** મા પમાયએ ॥

**અર્થ : તત્ત્વોને જાણીને અને કષાયોને પૂર્ણ શાંત કરી સંયમી બનીને ગ્રામ-નગર આદિમાં વિચરણ કરીને હે ગૌતમ ! શાંતિમાર્ગની અર્થાત્ મોક્ષમાર્ગની વૃદ્ધિ કર, આમ કરવામાં સમયમાત્રનો પ્રમાદ ન કર.**

૩. વુચ્છિંદ **સિણેહમપ્પણો, કુમુયં સારઈયં વ પાણિયં ।**
**સે સવ્વ સિણેહ વજ્જિએ, સમયં ગોયમ !** મા પમાયએ ॥

**અર્થ : જેમ શરદઋતુમાં ચંદ્રવિકાસી કમળ પાણીમાં ઉત્પન્ન થવા છતાં પાણીથી નિરાળું રહે છે, તેમ પોતાના સ્નેહને દૂર કર અને બધા પ્રકારની સ્નેહ આસક્તિથી રહિત થઈ, હે ગૌતમ ! સમય માત્રનો પણ પ્રમાદ ન કર.**

૪. દેવે **ણેરઈએ ય અઇગયો, ઉક્કોસં જીવો ઉ સંવસે ।**
**ઈક્કેક્ક ભવગ્ગહણે, સમયં ગોયમ !** મા પમાયએ ॥

**અર્થ : દેવ અને નરક ગતિમાં ગયેલો જીવ અર્થાત્ સંખ્યાત કે અસંખ્યાત વર્ષના એક ભવ સુધી ત્યાં રહે છે, તેથી હે ગૌતમ ! સમય માત્રનો પણ પ્રમાદ ન કર.**

**(૨) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૩)**

૧. મનુષ્યના લગાતાર કેટલા વર્ષના કેટલા ભવ થાય?

**જ. મનુષ્યના લગાતાર સાત ભવ સંખ્યાત વર્ષના આયુષ્ય અને આઠમો ભવ જુગલિયા સહિત ૮ ભવ થાય છે.**

૨. શ્રદ્ધા શા માટે દુર્લભ છે?

**જ. ઘણાં લોકો મિથ્યાત્વનું સેવન કરનારા કે ખોટી માન્યતાઓને સ્વીકારનારા હોય છે.**

૩. શરીરનો નાશ કોણ કરી રહ્યું છે?

**જ. જુદા જુદા પ્રકારના શીઘ્રઘાતક રોગ, આતંક શરીરનો નાશ કરી રહ્યા છે.**

(૧૦)

**પ્ર. ૭ ભગવતી સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

**૧. વ્યાખ્યા લખો.** કત સંચય, સાવચય, વૃદ્ધિ, વડ્ઢમાણ. **(૪×૨)**

**જ. ક્ત સંચય – નારકી આદિ ૨૪ દંડકમાં જ્યાં એક સમયમાં એક સાથે બે જીવોથી સંખ્યાતા જીવો ઉત્પન્ન થાય છે.**

**સાવચય – હાનિ સહિત. પહેલા જેટલા જીવો હોય તેમાંથી કેટલાક જીવો મરી જાય તેને સાવચય કહે છે.**

**વૃદ્ધિ – જન્મ–મરણ બંને હોય કે એક હોય પણ જીવોની વૃદ્ધિ થવી.**

**વદ્ધમાણ – જો જીવોની સંખ્યા વધે તો.**

૨. સમુચ્ચય જીવમાં સાવચય આદિ કેટલા ભાંગા? શા માટે? ઔદારિકના દંડકનો અવસ્થિત કાળ લખો.

**જ. સમુચ્ચય જીવોમાં સાવચય આદિ ચાર ભાંગામાંથી એક ભાંગો નિરુવચય–નિરવચયા લાભે કારણ કે તે શાશ્વત છે.**

**પાંચ સ્થાવરમાં સ્વકાય અપેક્ષા અવસ્થિતકાળ નથી. ત્રણ વિકલેન્દ્રિયનો અવસ્થિતકાળ બે અંતર્મુહુર્તનો, તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્યમાં ૨૪ મુહુર્તનો અવસ્થિતકાળ છે.**

૩. રત્નમાં ક્ત સંચય આદિ કેટલા અને કયા ભાંગા? તેનો અલ્પબહુત્વ લખો. (૨)

**જ. રત્નમાં એક અક્ત સંચય લાભે. તેમાં સમયે સમયે અસંખ્યાતા જીવો ઉત્પન્ન થાય છે. એક જ અક્તસંચય હોવાથી તેનો અલ્પબહુત્વ નથી.**

(૧૦)

**પ્ર. ૮ પન્નવણા સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. દ્રવ્યાર્થક દ્વાર લખો.

**જ. સર્વથી થોડા આહારકના દ્રવ્યાર્થક તે જ. ૧–૨–૩ ઉ. પૃથક્ હજાર, તેથી વૈક્રિયના દ્રવ્યાર્થક અસંખ્યાતગુણ, તેથી ઔદારિકના દ્રવ્યાર્થક અસંખ્યાતગુણ, તેથી તેજસ–કાર્મણના દ્રવ્યાર્થક પરસ્પર સરખા ને ઔદારિક થી અનંતગુણ અધિક.**

૨. ભવ પ્રત્યયિક વૈક્રિય શરીરનો સંયોજન, અંતર દ્વાર લખો.

**જ. ભવ પ્રત્યયિક વૈક્રિયનો સંયોજન દ્વાર – વૈક્રિય શરીરમાં ઔદારિક અને આહારક ન હોય, તેજસ અને કાર્મણની નિયમા. અંતર દ્વાર – વૈક્રિય શરીર મૂકી વૈક્રિય શરીર લેતા અંતર પડે તો જ. અંત. ઉ. અનંતકાળ. લોકમાં સદા હોય.**

૩. ઔદારિક, તેજસ શરીરની વ્યાખ્યા લખો.

**જ. ઔદારિક શરીર – તે સડી જાય, પડી જાય, વિણસી જાય, કોહી જાય, બગડી જાય, મૃત્યુ પછી મૃતદેહ પડી રહે, ઉદાર એટલે પ્રધાન. જે તીર્થંકર, ગણધર આદિ પુરુષોને પ્રધાન એવી મોક્ષગતિ મેળવવામાં સહાય કરે. તેજસ શરીર – જેના કારણે શરીરમાં ઉષ્ણતા રહે અને આહારને પચાવે. તેજોલબ્ધિથી તેજો લેશ્યા છોડવામાં કારણભૂત શરીર.**

૪. કાર્મણ શરીરનો સંસ્થાન, સ્વામી, અવગાહના દ્વાર લખો.

**જ. કાર્મણ શરીરનો સંસ્થાન દ્વાર – છ સંસ્થાન. સ્વામી દ્વાર – સર્વ સંસારી ૨૪ દંડકના જીવો. અવગાહના દ્વાર – જ. આંગુલનો અસં.મો ભાગ ઉ. સર્વ લોક પ્રમાણે.**

૫. ૧૪ પૂર્વીને લબ્ધિથી કયું શરીર હોય? તેનો પુદ્ગલચયન, વિષયશક્તિ, પ્રયોજન દ્વાર લખો.

**જ. ૧૪ પૂર્વીને લબ્ધિથી આહારક શરીર હોય. પુદ્ગલચયન દ્વાર – છ દિશાનો આહાર લે. વિષયશક્તિ દ્વાર – અઢીદ્વીપ સમુદ્ર સુધી જવાનો. પ્રયોજન દ્વાર – સંશય ટાળવાનું.**

(૧૦)

**પ્ર. ૯ માર્ગણા સમજણ સહિત લખો. (કોઠો બનાવીને લખો.)**

**જ.**

| માર્ગણા | ના. | તિ. | મનુ. | દેવ | સમજૂતી | કુલ ભેદ |
|---|---|---|---|---|---|---|
| ૧. તેજોલેશી એકેન્દ્રિયમાં | ૦ | ૩ | ૦ | ૦ | બાદર પૃથ્વી, અપ, વનસ્પતિના અપર્યાપ્તા | ૩ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૨. ઊર્ધ્વલોક તેજોલેશ્યામાં | ૦ | ૧૩ | ૦ | ૬ | ૧૦ સંજ્ઞીના + બાદર પૃ. અપ. વન.ના અપર્યાપ્તા ૧૩, ૧-૨ દેવલોક, ૧ લા કિલ્વિષીક દેવીના અપર્યાપ્તા અને પર્યાપ્તા | ૧૯ |
| ૩. મિશ્રદૃષ્ટિ ગર્ભજમાં | ૦ | ૫ | ૧૫ | ૦ | ૫ સંજ્ઞી તિર્યંચ પંચે. અને ૧૫ કર્મભૂમિ એ ૨૦ ના પર્યાપ્તા | ૨૦ |
| ૪. વચનયોગી ચક્ષુઈન્દ્રિય તિર્યંચમાં | ૦ | ૧૧ | ૦ | ૦ | ચૌરેન્દ્રિય, ૫ અસંજ્ઞી તિર્યંચ પંચે. ૫ સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયના એ ૧૧ ના પર્યાપ્તા | ૧૧ |
| ૫. ઔદારિક શરીર વૈક્રિય કરવાવાળામાં | ૦ | ૬ | ૧૫ | ૦ | ૫ સંજ્ઞી તિર્યંચ પંચે., બાદર વાયુ અને ૧૫ કર્મભૂમિ એ ૨૧ ના પર્યાપ્તા | ૨૧ |

**જય જિનેન્દ્ર**